


**કતારગામ-સુરતને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં ઉજવાયેલ દ્વિતીય સોપાન શ્રી હરિકૃષ્ણ મહારાજ સૂત આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ દ્વિશતાબ્દી કૃતાંજલિ મહોત્સવ (તા. ૧ થી ૮-૩-૧૨)**

૧. શ્રી રઘુવીરજી મહારાજ - જીવનદર્શન પુસ્તકનું વિમોચન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા વડિલ પૂ. સંતો. ૨. શ્રી નિષ્કુળાનંદ કાવ્ય ગ્રંથનું વિમોચન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા વડિલ પૂ. સંતો. ૩. ચતુર્થ આવૃત્તિ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહિમા ગ્રંથનું વિમોચન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા વડિલ પૂ. સંતો. ૪. ચૈત્ર પંચાગ નિર્ણયનું વિમોચન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા વડિલ પૂ. સંતો. ૫. પ.પૂ. લાલજી મહારાજશ્રી સ્વાગત-પૂજન કરતા પૂ. એસ.પી. સ્વામી - મહુવા. ૬. પૂ. ચેરમેન સ્વામી - જૂનાગઢ. ૭. પૂ. સ.ગુ. શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી - બગસરા. ૮. પૂ. કો. શા. શ્રી ઘનશ્યામવલ્લભદાસજી - ગઢડા. ૯. પૂ. મહંત શ્રી કે.પી. સ્વામી - જૂનાગઢ. ૧૦. મા. શ્રી શંકરસિંહ વાઘેલા (પૂર્વ મુખ્યમંત્રી - ગુજરાત) ૧૧. મા. શ્રી તુષારભાઈ ચૌધરી (કેન્દ્રીય મંત્રીશ્રી - ભારત) ૧૨. મા. શ્રી ગૌરાંગભાઈ પંડ્યા (કોર કમિટી સભ્ય - કોંગ્રેસ) ૧૩. મા. શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા (રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ - ભાજપા) ૧૪. મા. શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા (કોર્પોરેટરશ્રી - સુરત)




## કતારગામ-સુરતને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં ઉજવાયેલ દ્વિતીય સોપાન શ્રી હરિકૃષ્ણ મહારાજ સૂત આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ દ્વિશતાબ્દી કૃતાંજલિ મહોત્સવ (તા. ૧ થી ૮-૩-૧૨)

૧. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન કરતા ધર્મકુળ પૂજનના મુખ્ય યજમાન શ્રી નંદલાલભાઈ પાંડવ. ૨. સમગ્ર મુખ્ય યજમાન શ્રી જયંતિભાઈ - હળિયાદ. ૩. કથાના મુખ્ય યજમાન શ્રી નાગજીભાઈ - ઠવી. ૪. મહોત્સવના સહયજમાન શ્રી રમેશભાઈ રાખોલીયા. ૫. કથા સહયજમાન શ્રી રમેશભાઈ આંબલીયા. ૬. ધર્મકુળ પૂજનના સહયજમાન શ્રી જગદિશભાઈ - આંબરડી. ૭. સંતપૂજનના યજમાન શ્રી મુકેશભાઈ - ગઢડા. ૮. શ્રી ઘનશ્યામ જન્મોત્સવના યજમાન શ્રી હસુભાઈ - કાચરીયા. ૯. અન્નકૂટોત્સવના યજમાન શ્રી ભરતભાઈ - કિકાદ. ૧૦. શ્રી રઘુવીરજી મહારાજના જન્મોત્સવના યજમાન શ્રી વસંતભાઈ - મોટા આંકડીયા. ૧૧. શોભાયાત્રાના યજમાન શ્રી ઉંમરભાઈ વિકાસ મોટર્સ - અમદાવાદ. ૧૨. ફૂલહારના યજમાન શ્રી વિજયભાઈ - જસદણ. ૧૩. વકતા પૂ. સ્વામીના વરદ હસ્તે મૂર્તિભેટ સ્વીકારતા મુખ્ય યજમાન શ્રી જયંતિભાઈ. ૧૪. શ્રી નંદલાલભાઈ પાંડવ. ૧૫. શ્રી નાગજીભાઈ - ઠવી. ૧૬. શ્રી રમેશભાઈ રાખોલીયા. ૧૭. શ્રી રમેશભાઈ આંબલીયા. ૧૮. શ્રી જગદિશભાઈ - આંબરડી. ૧૯. ૩૯ ફૂટ ચોકલેટ હારથી પ.પૂ. લાલજી મહારાજનું સ્વાગત કરતા શ્રી પુષ્પેન્દ્ર બાળમંડળ - શ્રીજીમંદિરના બાળકો. ૨૦. ૩૯ ફૂટ પુષ્પહારથી પ.પૂ. લાલજી મહારાજનું સ્વાગત કરતા ઉત્સાહી યુવાનો. ૨૧. આગામી જૂનાગઢ ૭.૩૦ કરોડ મહામંત્ર મહોત્સવની તિથિ-તારીખની જાહેરાત કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા સંતો-ભક્તો.

પૂર્ણ પુરુષોત્તમ સર્વાવતારી પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુનાં દિવ્ય તેમજ માનુષી લીલાચરિત્રોથી સભર અને સંપ્રદાયના હાર્દ સમા ભક્તપ્રિય ભક્તચિંતામણિ તથા પુરૂષોત્તમ પ્રકાશ, હરિસ્મૃતિ, યમદંડ જેવા અનેકાનેક મોક્ષપથના પાથેય સમાન ગ્રંથોના કર્તા તેમજ જેમના **'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના'** જેવા પદોએ ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીને ગુલતાન કરી દીધા હતા અને આજે પણ **'જનની જીવો રે ગોપીચંદની...'** વગેરે અનેક કીર્તન પદોથી અનેક સંસારીઓને વિટંબણામાંથી મુકાવીને ભગવદ્‌ભક્તિના સુખના હિંડોળે ઝુલતા કરી દેનારા; વૈરાગ્યમૂર્તિ સદ્‌ગુરુ શ્રી નિષ્કુળાનંદ સ્વામીનો જન્મ સંવત્ ૧૮૨૨માં જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના **શેખપાટ** ગામે થયો હતો. માતાનું નામ **અમૃતબા** અને પિતાનું નામ **રામભાઈ** હતું. પોતાનું પૂર્વાશ્રમનું નામ **લાલજી** હતું. વ્યવસાયે ગુર્જર સુથાર હતા.

રામભાઈ સુથાર આમ તો મૂળ **લતીપુર** ગામના રહેવાસી અને વચનસિદ્ધ અને સમાધિનિષ્ઠ સમર્થ સંત આત્માનંદ મુનિના એ કૃપાપાત્ર શિષ્ય હતા. ગામના કેટલાક આસુરી લોકોએ આત્માનંદ મુનિ અને એમના શિષ્યોની ભારે કનડગત આદરી. આથી ગુરુના આદેશથી બધા શિષ્યોએ પોતાનું મૂળ વતન છોડ્યું. ત્યારે રામભાઈ પણ લતીપુર છોડી **શેખપાટ** આવીને વસ્યા હતા. એ વખતે રામભાઈ પર પ્રસન્ન થઈ ગુરુએ આશિર્વચન ભરી **ભવિષ્યવાણી** ભાખતાં કહેલું કે તમારે ત્યાં એક સમર્થ મહા મુક્તનો જન્મ થશે.

પુત્રનાં લક્ષણ પારણામાંથી જણાય એમ બચપણથી જ લાલજીમાં તપ, ત્યાગ અને જ્ઞાન વૈરાગ્યની **ઝલક** જણાતી હતી. પોતાની ઈચ્છા ન હોવા છતાંય નાતના રિવાજ મુજબ નાની વયમાં પિતાએ કંકુબાઈ નામની કન્યા સાથે એમના લગ્ન કરાવી નાખ્યા અને આમ તેમનો ગૃહસંસાર ચાલુ થયો. એમને ત્યાં **માધવજી** અને **કાનજી** એમ બે પુત્રનો જન્મ થયેલો. જ્ઞાની લાલજી ભક્તને પૂર્વસંસ્કાર ને સંતોના સમાગમથી તીવ્ર વૈરાગ્ય ઉત્પન્ન થયો. આથી તેમણે લોજ આવી આત્માનંદ સ્વામીના કૃપાપાત્ર મનાયેલા સદ્‌ગુરૂ શ્રી રામાનંદ સ્વામીને **પ્રાર્થના** કરી. મારે સંસાર છોડીને ત્યાગી થઈ આપના ભેળું રહેવું છે. ગુરુશ્રી પણ મુમુક્ષુ લાલજી ભક્તની સંસારમાં જળકમળવત્ જક્તવિરક્ત સ્થિતિથી **વાકેફ** તો હતા જ છતાં નાનાં બાળબચ્ચાંનો **વિચાર** કરીને કહ્યું, 'જરૂર પડ્યે તમને બોલાવી લેશું હમણા ઘેર રહો.' એમ કહી ઘેર પાછા મોકલ્યા.

પિતાના અવસાન પછી કુટુંબનો સઘળો ભાર લાલજી ભગત ઉપર આવ્યો છતાંય જનકરાજાની પેઠે સમજણથી સઘળો ઘર વ્યવહાર ચલાવ્યો. દિવસ ભર સુથારીકામ કરે અને રાતે શેખપાટથી પગે ચાલી ત્રણ ગાઉ દૂર **ખીરી ગામને સીમાડે** આ ભાદરા ગામથી પગે ચાલી આંહીં આવતા મહામુક્ત મૂળજીશર્મા આદિ ભક્તો સાથે વાવકાંઠે વડના વૃક્ષતળે બેસી ભજન સ્મરણ અને કથાવાર્તા કરી **સત્સંગ** કરે. પ્રસંગોપાત લાલજી ભગત સેવા ભક્તિ ને **સમાગમ** માટે ઉદ્ધવાવતાર રામાનંદ સ્વામી પાસે પણ જતા. અનુવૃત્તિમાં રહી પૂજ્ય ગુરુવર્યમાં પ્રભુપણાની નિષ્ઠા દૃઢ કરતા રહેતા.

સં. ૧૮૫૬માં નિલકંઠવર્ણી જ્યારે લોજમાં મુક્ત મુનિને મળ્યા અને વનવિચરણ પૂર્ણ કરીને ત્યાં સંતો ભેળા રહી ગુરુ રામાનંદ સ્વામીની રાહ જોવા લાગ્યા ત્યારે રામાનંદ સ્વામીએ પણ પોતાના શિષ્યોને લોજ જઈ પ્રતાપી વર્ણિના દર્શન કરવાની આજ્ઞા કરેલી છતાં લાલજી લોજ ન જતાં ગુરુના દર્શને ભૂજ આવ્યા ત્યારે રામાનંદ સ્વામીએ લાલજીને **મીઠો ઠપકો** આપી વર્ણિનો **મહિમા** કહી સંભળાવ્યો હતો. આથી જિજ્ઞાસુ લાલજી લોજ આવ્યા અને ભાવવિભોર બની વર્ણિને દંડવત્ પ્રણામ કર્યા ત્યારે વર્ણિરાજે લાલજીને આશિષ આપતાં કહેલું જે તમે વૈરાગ્યમાં શુકજી અને જડભરત સમાન થશો. લાલજી થોડો સમય લોજમાં રહ્યા. વર્ણિજીનો પ્રતાપ નિહળ્યો. સેવા ને સમાગમ કરી પાછા પોતાને ગામ **શેખપાટ** આવ્યા.

લાલજીનું ચિત્ત વર્ણિમાં ખેંચાતું હતું એટલે એમના પ્રતિ આદર વધ્યો અને પૂજ્યભાવ પણ જાગ્યો. એવામાં ગુરુ રામાનંદ સ્વામીએ પોતાની ધર્મધુરા આ વર્ણિરાજને સોંપી એ પ્રસંગે જેતપુરમાં યોજેલ મહોત્સવમાં લાલજીભાઈ ખાસ આવ્યા અને પોતે ભક્તિભાવથી તૈયાર કરેલ મજૂસ (કલાત્મક પેટી)ને ડામચિયો સહજાનંદ સ્વામીને અર્પણ કર્યાં ને પોતાનું ઘર પાવન કરવા શેખપાટ પધારવા **પ્રાર્થના** પણ કરી.

રામાનંદ સ્વામીના અક્ષરવાસ બાદ ઉદ્ધવ સંપ્રદાયના પ્રચાર માટે ઠેરઠેર વિચરણ કરી રહેલા સ્વામી સહજાનંદજી સોરઠમાં થઈને હાલારમાં લાલજી સુથારને ત્યાં **શેખપાટ** પધાર્યા. આથી હર્ષઘેલા બની લાલજીએ પ્રભુનું **ભાવભીનું સ્વાગત** કરીને પોતાને ત્યાં રાખ્યા અને શ્રીહરિની **સેવા** તેમજ **સમાગમ** કરી જીવનમાં ભારે **ધન્યતા** અનુભવી. ભક્તાધિન ભગવાન શ્રીસ્વામિનારાયણે લાલજીની પ્રાર્થનાથી સંત-હરિભક્તોને શેખપાટ તેડાવી સં. ૧૮૬૦નો **વસંતોત્સવ** ઉજવી પોતાના આ ભક્તના મનનો મનોરથ પૂરો કર્યો.

શેખપાટમાં થોડા દિવસ રહ્યા બાદ શ્રીહરિએ **કચ્છ તરફ** જવાનો પોતાનો વિચાર લાલજી સુથારને જણાવી ને

રસ્તાના જાણકાર ભોમિયાની તપાસ કરવા જણાવ્યું. શ્રીહરિની સેવા ને સહવાસનો સુઅવસર પ્રાપ્ત થયો જાણી, ભોમિયા તરીકે સાથે જવાનો પોતે જ મનોમન નિર્ણય કરી લીધો. વિકટ વાટમાં જરૂર પડ્યે કામ લાગે એ માટે સુખડીનું ભાતું તૈયાર કરાવી લીધું. પાણીની બતક (માટીની ભંભલી) ભરી લીધી. અણધારી આફતમાં કામ આવે એ માટે ૧૨ કોરી (નાણું) ચોરની બીકે પગરખાંની સગથરીમાં સંઘરી લીધી અને વહેલી સવારે પોતે **ભોમિયા તરીકે** પ્રભુ સાથે **ઉત્સાહભેર** ચાલી નીકળ્યા.

રણવાટે **ગુરુ** સહજાનંદ સ્વામી અને **શિષ્ય** લાલજી સુથાર ચાલ્યા જાય છે. રસ્તામાં ભૂખથી પીડાતા કોઈ અન્નાર્થીએ યાચના કરતા દયાળુ શ્રીહરિએ લાલજી પાસેનું બધુંય ભાતું એને અપાવી દીધું. રસ્તે આગળ જતાં એક **લૂટારા ટોળી**નો ભેટો થયો. શ્રીહરિને તો સાધુ જાણી કાંઈ **તપાસ** ન કરી પણ લાલજીનાં તો લુગડાં તપાસ્યાં, પણ કાંઈ ન મળતાં ચોરોએ ચાલતી પકડી. આ જોઈને શ્રીહરિએ ચોરોને કહ્યું, 'એની પાસે નાણું તો છે છતાંય તમને જડ્યું નહિ માટે તમે નવા ચોર લાગો છો. એનાં પગરખાં તો તપાસી જુઓ.'

આ સાંભળી લાલજી જરા હેબતાઈ ગયા પણ ચોરોએ લાલજીનાં પગરખામાંથી કોરીઓ કાઢી લીધી ને રવાના થઈ ગયા. આથી ખિન્ન થયેલા લાલજીએ કહેવા માંડ્યું, 'આમ ઉદાર થઈને ભાતું તથા નાણું મફતિયાઓને અપાવી દીધું તો હવે રસ્તામાં ભૂખ લાગશે ત્યારે શું કરશો ? મેં તો બધું આપને વાસ્તે લીધું હતું. 'આ સાંભળી શ્રીહરિએ લાલજીને **ધીરજ** બંધાવતા કહ્યું, 'તમારા માથે આજે મોટું વિઘન આવે તેમ હતું એ ટાળવા માટે આમ કર્યું.' વિશ્વાસુ લાલજી આ લાગણીસભર વચનો સાંભળી મનોમન નવાઈ પામી અંતરમાં રાજી થયા.

આમ હાસ્ય વિનોદ સાથે ગુરુ-શિષ્ય રણવાટે આગળ વધી રહ્યા છે. એવામાં કોઈ તૃષાતુર વટેમાર્ગુએ પાણી માટે યાચના કરી. દયાળુ શ્રીહરિએ લાલજીને કહ્યું, 'એને **જળપાન** કરાવો.' આથી લાલજીભાઈએ એને થોડું પાણી પાયું એથી પ્રભુએ કહ્યું, 'એ બિચારો તરસ્યો છે તો બધું જ પાણી પાઈ એની તૃષા દૂર કરો !' આથી લાલજીએ બધુંય પાણી પાઈ દીધું. અભ્યાગતને સંતોષ પમાડી પંથે આગળ પ્રયાણ કર્યું. સૂર્ય તપતો હતો. આકાશમાંથી આગ વરસી રહી હતી. લૂ ભર્યો પવન આંખ મોં દઝાડી જતો હતો. લાલજીને તૃષા લાગી હતી. મોં સુકાતું હતું. અંતરમાં અકળામણ થતી હતી. થાકીને લોથપોથ થયેલ લાલજીને કંઠે પ્રાણ આવી ગયા. ચાલી શકાય એવી સ્થિતિ ન રહી. આથી દયાળુ શ્રીહરિએ લાલજીને કહ્યું, 'જુઓ, આ ખારા પાણીમાં **મીઠા પાણીની સેર** ચાલી જાય છે માટે **જળપાન** કરી લ્યો અને બતક ભરી લ્યો.'

લાલજીએ મોં આડું કપડું રાખી પાણી ચાખી જોયું તો મીઠું લાગ્યું. કોગળા કર્યા. પાણી પીધું ને બતક પણ ભરી લીધી. ફરી જ્યાં પાછો કોગળો કરવા ગયા ત્યાં તો પાણી ખારું જણાયું એટલે લાલજીને મનમાં થયું. અહોહો ! પ્રભુએ મારા માટે જ કૃપા કરી ! આથી લાલજીના અંતરમાં પ્રભુ પ્રત્યે અદકેરો **અહોભાવ** અનુભવાયો.

આમ ઘણા પરિશ્રમથી **રણવાટ** પસાર કરીને આગળ જતાં એક **તળાવ** આવ્યું. તેને કાંઠે બાવળને છાંયે બેસી થોડો આરામ કર્યો. શ્રીહરિના અડવાણા ચરણમાં કાંટા વાગ્યા હતા. તેને લાલજીને પોતાના ચિપિયાથી ખેંચી કાઢ્યા. આ સેવા કરતી વખતે લાલજીને પ્રભુના ચરણમાં સોળ ચિહ્નોનાં **અદ્‌ભુત દર્શન** થયાં. થોડી વિશ્રાંતિ બાદ લાલજીએ પોતાના મનમાં ઘુંટાતું ને માર્ગમાં બનેલા એ બનાવોનું **ગૂઢ રહસ્ય** પ્રભુને પૂછ્યું ત્યારે શ્રીજીએ એની જિજ્ઞાસાને સમાવતાં કહ્યું. 'માર્ગમાં આપણે સામા મળ્યા એ મહાપુરુષ રામાનંદ સ્વામી પોતે હતા અને તમારી તૃષા હરવા માટે અમે જ ખારાજળને મીઠું કર્યું હતું.' આ **કૃપાવચનો** સાંભળી લાલજીને પ્રભુનો **અપાર મહિમા** સમજાયો ને અંતરમાં ભારે અદકેરી ધન્યતા અનુભવી.

ત્યાંથી આગળ ચાલી **આધોઈ** ગામ આવી ગામના ચોરામાં મુકામ કર્યો. શ્રીજીએ લાલજીને ગામમાંથી ભિક્ષા માગી લાવવાનું કહ્યું. ત્યારે લાલજીએ જરા સંકોચ પામીને કહ્યું. 'પ્રભુ, આ ગામમાં તો મારું સાસરું હોવાથી ઘણાય લોકો મને ઓળખે છે.'

'તમને કોઈપણ ઓળખી શકે નહિ એમ કરી દઈએ પછી તો કાંઈ વાંધો નથી ને ?' આમ કહી શ્રીહરિએ પોતે એજ વખતે લાલજીની મૂછો અને ચોટલી કાતરી નાખી ને ભગવી અલ્ફી પહેરાવી **પરમહંસી દીક્ષા** આપી **નિષ્કુળાનંદજી** નામ પાડ્યું. ત્યાર પછી ગુરુ આજ્ઞાથી આ નવા પરમહંસ **ભિક્ષા** માગી લાવ્યા ને ગુરુ શિષ્ય બંનેએ આ **માધુકરી** આરોગી. શ્રીહરિએ ટકોર કરતાં કહ્યું, 'જરૂર પડશે ત્યારે બોલાવી લઈશું એમ ગુરુ રામાનંદ સ્વામીએ કહેલું એ તમને યાદ તો છે ને ?'

'હા ! મહારાજ, હું તો કેટલાય દિવસથી એ તકની રાહ જોઈ રહ્યો હતો. આપે આજે ગુરુવચનને **પૂર્ણ** કરી મને **કૃતાર્થ** કરી દીધો.'

'આપ તો કૃતાર્થ થયા હવે બીજાઓને કૃતાર્થ કરવા સારુ અહીં રહી **યમદંડ** ગ્રંથની **રચના** કરો.' પ્રભુએ પ્રેરણા આપતાં કહ્યું.

'અરે મહારાજ, હું તો કાંઈ ભણ્યો નથી.

વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદ સ્વામીએ રચેલ ગ્રંથો સંપ્રદાયનું હાર્દ સમજવામાં પરિપૂર્ણ છે. એમણે રચેલ ભક્તચિંતામણિ ગ્રંથમાં સંપ્રદાયનું સંપૂર્ણ અને સર્વોત્તમ દર્શન થાય છે. પ્રાકૃત ભાષામાં આવું ભાવવાહી, રસસભર, પ્રેરણાદાયી, ગહન છતાં સરલ તેમજ સર્વભોગ્ય પદ્ય સાહિત્ય બીજું કોઈ દેખાતું નથી. શ્રીજીએ મધ્યના ૫૮મા વચનામૃતમાં સંપ્રદાયની પુષ્ટિનો જે હેતુ દર્શાવ્યો છે તે નિષ્કુળાનંદ સ્વામીના ગ્રંથોમાં સ્પષ્ટ ને સોળે કળાએ ચરિતાર્થ થયેલો જોવા મળે છે. એમણે ઈષ્ટદેવને જેવા જાણ્યા તેવા વિના સંકોચે ઉઘાડે છોગે વર્ણવ્યા છે.

આપ જાણો છો તેમ કાળા અક્ષરને તો મેં કુહાડે માર્યા છે. તેમાં વળી ગ્રંથ કેવી રીતે બની શકે ?' મુનિએ પોતાની મૂંઝવણ જણાવતાં કહ્યું.

'તમે ભલે ભણ્યા નથી પણ ગણ્યા છો-જ્ઞાની છો. તમારામાં **કવિત્વ શક્તિ** પડી છે. તમે જે કાંઈ રચના કરવા માંડશો એટલે સરળ રીતે વિવિધ રાગ કે છંદ છપઈમાં ગોઠવાઈ જશે. તમારે પ્રાસ, પદલાલિત્ય કે વર્ણન અલંકાર ખોળવા નહિ પડે પણ સહજે જ મળી રહેશે.' અંતરના **આશીર્વાદ** આપતા શ્રીહરિએ કહ્યું. આથી મહામુનિએ ગુરુ શ્રીહરિની આજ્ઞાને સહર્ષ સ્વીકારી લીધી ને ત્યાં આધોઈ ગામના ચોરામાં રહી શ્રીહરિને સંભારીને **'યમદંડ' ગ્રંથની રચનાનો પ્રારંભ** કર્યો.

પ્રભુ ગયા પછી મુનિને મનાવીને ઘેર પાછા લઈ જવા એમના માતા અમૃતબા તથા ધર્મપત્ની કંકુબાઈ અને સંબંધીઓ આધોઈ ગામે આવ્યા. માતા ને પત્નીએ માયા અને મમતાભરી અનેક વિનવણીઓ કરી છતાં પણ મુનિ ચલાયમાન ન થયા એટલે કંકુબાઈએ નાના પુત્ર કાનજીને મુનિના ખોળામાં નાખ્યો એટલે મુનિ હસ્યા ને બોલ્યા 'હેતનો પારસો મુકે એવી આ ગાવડી નથી, આ તો ગોધો છે.' સગાંસંબંધીઓએ સ્નેહ દાખવતો આગ્રહ તેમજ શેખપાટના આગેવાન દરબાર સોઢા બાપુએ પણ પોતાની દાદાગીરી અજમાવી જોઈ. આમ છતાં મુનિ મનથી મક્કમ રહ્યા ને પોતાના **વૈરાગ્યનું** ખરું **વાસ્તવિક રૂપ** બતાવવા એમણે નીચેનું કીર્તન ગાઈ સંભળાવ્યું :-

**'મને સ્વપ્ને ન ગમે રે સંસાર, કહોને કેમ કીજીએ;**
**વમન થયું મન ઉતર્યું, એવો લાગ્યો રે સંસાર કહોને કેમ કીજીએ.'**

પોતાના અંતરમાં અંકાઈ ગયેલી સંસારની અસારતાનુ મુનિએ એવું સચોટ અને વેધક વર્ણન કર્યું કે સહુને મુનિના તીવ્ર વૈરાગ્યનો પુરો ખ્યાલ આવી ગયો.

એમને પરત લઈ જવાની આશા છોડીને સગાં સંબંધીઓ ત્યાંથી ચાલતા થઈ ગયા. ત્યારપછી આ નિઃસ્પૃહી વિતરાગી સંતવર્યનું વિરલ વ્યક્તિત્વ સ્વામિનારાયણ સંપ્રદાયમાં ઝગમગી ઊઠ્યું. એમનામાં પડેલી સુષુપ્ત કવિત્વ શક્તિને શ્રીહરિએ પારખી, પોષી અને પ્રેરણા પાથેય પૂરું પાડી એને રચનાત્મક માર્ગે વાળી. જેને પરિણામે સંપ્રદાયમાં અતિ ઉપયોગી અને અમૂલ્ય **વિપુલ સાહિત્યનું સર્જન** થયું.

આ સાહિત્યના ગ્રંથો વેદ-ઉપનિષદ-ઈતિહાસ-પુરાણાદિ તમામ શાસ્ત્રોના સારરૂપ **દૃષ્ટાંત-સિધ્ધાંતોથી** ભરપૂર તેમજ સરળ ભાષામાં હોવાથી **સર્વગ્રાહ્ય** બનીને ભક્તજનોને સૌથી વિશેષ **રૂચિકર** હોવાથી બહુધા કાવ્યગ્રંથોમાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં તે ગ્રંથોની જ **કથાવાર્તા** વિશેષ થાય છે. એવા આ ગ્રંથો **લોકપ્રિય** બન્યા છે.

**સ્વામીશ્રીએ વિવિધ વિષયો ઉપર રચેલા ૨૩ ગ્રંથો**

૧. ભક્તચિંતામણિ

૨. નિષ્કુળાનંદ કાવ્યાન્તર્ગત **૨૨** ગ્રંથો જેમકે :-

(૧) પુરુષોત્તમપ્રકાશ (૨) સ્નેહગીતા (૩) વચનવિધિ (૪) સારસિધ્ધિ (૫) ભક્તિનિધિ (૬) હરિબળગીતા (૭) હૃદયપ્રકાશ (૮) ધીરજાખ્યાન (૯) હરિસ્મૃતિ (૧૦) ચોસઠપદી (૧૧) મનગંજન (૧૨) ગુણગ્રાહક (૧૩) હરિવિચરણ (૧૪) અરજીવિનય (૧૫) કલ્યાણનિર્ણય (૧૬) અવતાર ચિંતામણિ (૧૭) ચિહ્ન ચિંતામણિ (૧૮) પુષ્પચિંતામણિ (૧૯) લગ્નશકુનાવલિ (૨૦) યમદંડ (૨૧) વૃત્તિવિવાહ (૨૨) શિક્ષાપત્રી ભાષા (પદ્યરૂપ)

(આ નિષ્કુળાનંદ કાવ્ય પ્રથમ **વીશ ગ્રંથી** તરીકે ઓળખાતુ હતું પરંતુ થોડા સમય પહેલા તેમાં (૧) વૃત્તિવિવાહ અને (૨) શિક્ષાપત્રી ભાષા આ બે ગ્રંથોનું અપૂર્વ **સંશોધનપૂર્વક** સંયોજન થવાથી કુલ ગણત્રીમાં **બાવીશ**

**ગ્રંથો**નો સમાવેશ થયેલ છે. આ બાવીશેય ગ્રંથોનો **સારરૂપ પરિચય** પ્રસ્તુત ગ્રંથમાં ભક્તજનોને સમજવામાં સુગમતા માટે દરેક ગ્રંથના પ્રારંભમાં જ આગલા પાને **ગ્રંથસાર** (ભૂમિકા) રૂપે આપેલ હોવાથી અત્રે એક માત્ર ભક્તચિંતામણિ ગ્રંથનો જ વિશેષ પરિચય આપવામાં આવેલ છે.)

વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદ સ્વામીએ રચેલ ગ્રંથો સંપ્રદાયનું હાર્દ સમજવામાં **પરિપૂર્ણ** છે. એમણે રચેલ ભક્તચિંતામણિ ગ્રંથમાં સંપ્રદાયનું સંપૂર્ણ અને સર્વોત્તમ **દર્શન** થાય છે. પ્રાકૃત ભાષામાં આવું ભાવવાહી, રસસભર, પ્રેરણાદાયી, ગહન છતાં સરલ તેમજ સર્વભોગ્ય **પદ્ય સાહિત્ય** બીજું કોઈ દેખાતું નથી. શ્રીજીએ મધ્યના ૫૮મા વચનામૃતમાં સંપ્રદાયની **પુષ્ટિ**નો જે **હેતુ** દર્શાવ્યો છે તે નિષ્કુળાનંદ સ્વામીના ગ્રંથોમાં સ્પષ્ટ ને સોળે કળાએ **ચરિતાર્થ** થયેલો જોવા મળે છે. એમણે ઈષ્ટદેવને જેવા જાણ્યા તેવા વિના સંકોચે ઉઘાડે છોગે વર્ણવ્યા છે. આથી એમના ગ્રંથોમાં શ્રીહરિનું સર્વોપરિ અને સર્વાવતારી પૂર્ણ પુરૂષોત્તમપણું જોવા મળે છે. આજ કારણથી સત્સંગમાં પ્રારંભથી જ એમનું સાહિત્ય **મહિમાપૂર્વક** વંચાતું રહ્યું છે એટલું જ નહિ એ પ્રમાણભૂત પણ મનાય છે.

સંસારની અસારતાથી પૂરેપૂરા વાકેફ આ તીવ્ર વૈરાગી સંતે સારસિદ્ધિ ગ્રંથમાં તેમજ સ્વરચિત પદોમાં તીખા તીવ્ર વૈરાગ્યને સચોટ અને અસરકારક રીતે વર્ણવ્યો છે. એમના ઉપદેશના પદો ફુલધાર તલવારની પેઠે અડતામાંજ માયાનો લોચો અંતરમાંથી અળગો કરી નાખે એવાં છે. તાક્યું નિશાન પાડે જ, એવી લક્ષ્યવેધિ એમની સુંદર શૈલી છે. સનાતન ધર્મનો ખરો મર્મ, પ્રેમલક્ષણા ભક્તિભાવથી ઉભરાતો અનુરાગ ને દૃઢ ભરોસાભરી સંપૂર્ણ શરણાગતિ તેમજ ત્યાગ-વૈરાગ્યની સાચી ને સૂક્ષ્મ મીમાંસા એ બધું આ કવિવર્યનું સાહિત્યક્ષેત્રે મહત્વનું પ્રદાન છે.

**ભક્તચિંતામણિ** : આ ગ્રંથરત્ન વૈરાગ્યમૂર્તિ, નિષ્કુળાનંદ મુનિએ રચેલા સુપ્રસિધ્ધ ૨૩ ગ્રંથોમાં સર્વથી મોટો **પરિપૂર્ણ** અને **અર્થસભર** અદ્‌ભુત ગ્રંથ છે. તેમાં ભક્તજનને ચિંતામણિરૂપ એવાં અને નજરો નજર નિહાળેલાં પ્રગટ પુરૂષોત્તમ સ્વામિનારાયણ પ્રભુના દિવ્ય તેમજ માનુષી ચરિત્રોનું રસભર્યું હૃદયંગમ નિરૂપણ થયું છે. આ ચરિત્રોનું ચિંતન કરનારા ભક્તજનોના મનોરથોને પૂર્ણ કરનાર આ ગ્રંથનું **નામ** પણ એવું જ **સાર્થક** અપાયેલું છે. સ્વામી પોતે જ કહે છે કે, **'છે આ ભક્તચિંતામણિ નામ રે, જે જે ચિંતવે તે થાય કામ રે, હેતે ગાય સુણે આ ગ્રંથ રે, તેનો પ્રભુ પૂરે મનોરથ રે.'** (ભ.ચિં.પ્ર.૧૬૪)

ભક્તપ્રિય આ ભક્તચિંતામણિ **ગ્રંથનું ગૌરવ** ગાતા સ્વામી પોતે કહે છે કે 'ભક્તચિંતામણિ ગ્રંથ કહ્યો, સત્સંગીને સુખરૂપ; જેમાં ચરિત્ર પ્રગટનાં, અતિ પરમ પાવન અનુપ. **બીજા ગ્રંથતો બહુ જ છે, સંસ્કૃત પ્રાકૃત સોય; પણ પ્રગટ ઉપાસી જનને, આ જેવો નથી બીજો કોય.** જેમાં ચરિત્ર મહારાજનાં, વળી વર્ણવ્યાં વારંવાર; વણસંભાર્યે સાંભરે, હરિમૂર્તિ હૈયા મોઝાર.' (ભ.ચિં.પ્ર.૧૬૪)

સંપ્રદાયની **પુષ્ટિ** અંગે **નિર્દેશ** કરતાં એમાં કહેવાયું કે **'રામ ઉપાસીને રામચરિત્ર રે, સુણી માને સહુથી પવિત્ર રે; કૃષ્ણ ઉપાસીને કૃષ્ણલીલા રે, માને મુદ સુણે થઈ ભેળા રે. તેમ સહજાનંદી જન જેહ રે, સુણી આનંદ પામશે એહરે.'** (ભ.ચિં.પ્ર.૧૬૩)

આમ આ ગ્રંથનો અપૂર્વ મહિમા છે. જ્ઞાન માટે જેમ વચનામૃત પરિપૂર્ણ છે તેમ શ્રીજીનાં **લીલાચરિત્રો** માટે આ ગ્રંથ **પરિપૂર્ણ** છે. સંપ્રદાયનું સંપૂર્ણ રહસ્ય આ ગ્રંથમાં પ્રતિબિંબિત થાય છે. ઈષ્ટદેવ શ્રીહરિની હયાતીમાં અને એમની છત્રછાયામાં આ **અનુપમ ગ્રંથ**ની રચના થઈ હોવાથી વચનામૃતની સાથોસાથ આ ગ્રંથ પણ પહેલેથી જ વ્યાપક પ્રસિદ્ધિ પામ્યો છે અને આજે પણ એ સારાયે સત્સંગ સમાજને પ્રેમલક્ષણા ભક્તિના **પ્રેમવિભોર** ભાવે ભીંજવી રહેલ છે.

આ ઉપરાંત પૂ. નિષ્કુળાનંદ મુનિએ **ત્રણેક હજાર** જેટલાં **કીર્તનો** પણ રચ્યા છે. જે પૈકી કેટલાંક કીર્તનોનું **'શ્રી નિષ્કુળાનંદ કાવ્ય - કીર્તન'** નામથી પુસ્તકરૂપે પ્રકાશન (ભુજ શ્રી સ્વા. મંદિર દ્વારા સં. ૧૯૬૮ થી આરંભીને) થયેલું છે.

આ વિતરાગી સંત, સાહિત્યની સાધનામાં જેવા કુશળ હતા એથીય વિશેષ સુથારીકામની કલા

કારીગરીમાંય નિપુણ હતા. કલાકારીગરીની સૂઝથી તેઓ ઉત્તમ શિલ્પકૃતિઓ સર્જી શકતા. ધોલેરાના મંદિરમાં ઠાકોરજી આગળના બારણાની **કમાનો** તેમજ પગથિયાં પરની પથ્થરની કમાનો સ્વામીજીએ પોતે જ એક પથ્થરમાંથી કોતરીને બનાવેલ છે. એ સિવાય આ મંદિરની શોભામાં અભિવૃદ્ધિ કરવા સ્વામીશ્રીએ ઘણીઘણી સેવાઓ કરી છે.

સમૈયા ઉત્સવ વેળાએ શ્રીજીને બેસવા માટેના મંચો તેમજ ઝુલવાના હિંડોળા આ સંતની દોરવણી મુજબ તૈયાર થતા. વડતાલમાં એમણે ૧૨ બારણાનો કલાત્મક **અદ્‌ભુત હિંડોળો** બનાવેલો ને પ્રભુ એમાં બાર સ્વરૂપે ઝુલ્યા હતા ને સહુને વિવિધ બાર દિવ્ય સ્વરૂપે દર્શનનું ભારે સુખ આપ્યું હતું.

સંસારની અસારતાથી પૂરેપૂરા વાકેફ આ તીવ્ર વૈરાગી સંતે સારસિદ્ધિ ગ્રંથમાં તેમજ સ્વરચિત પદોમાં તીખા તીવ્ર **વૈરાગ્ય**ને સચોટ અને અસરકારક રીતે વર્ણવ્યો છે. એમના ઉપદેશના પદો ફુલધાર તલવારની પેઠે અડતામાંજ માયાનો લોચો અંતરમાંથી અળગો કરી નાખે એવાં છે. તાક્યું નિશાન પાડે જ, એવી લક્ષ્યવેધિ એમની સુંદર શૈલી છે. સનાતન ધર્મનો ખરો મર્મ, પ્રેમલક્ષણા ભક્તિભાવથી ઉભરાતો અનુરાગ ને દઢ ભરોસાભરી સંપૂર્ણ શરણાગતિ તેમજ ત્યાગ-વૈરાગ્યની સાચી ને સૂક્ષ્મ મીમાંસા એ બધું આ કવિવર્યનું **સાહિત્યક્ષેત્રે મહત્વનું પ્રદાન** છે.

આ લોકની મોટાઈથી સ્વામી હંમેશાં **અલિપ્ત** રહ્યા. આ નિઃસ્પૃહી સંતને શ્રીજીએ ગઢપુરના મહંત બનાવવાનો વિચાર કર્યો. આ બાબતની જાણ થતાં આ સંતવર્યને હર્ષ થવાને બદલે **ધર્મસંકટ** આવ્યાની ઉપાધિ થઈ. આથી પોતે વહેલા પાછા ગઢડાથી ગઢાળી જતા રહ્યા. શ્રીહરિને આની ખબર પડતાં સ્વામીને ગઢાળીથી પાછા બોલાવ્યા ને મહંત બનાવવાની વાત માંડી વાળી.

વળી સ્વામી ધર્મની બાબતમાં કોઈની શેહ કે શરમમાં લેવાઈ જતાં નહિ. વડોદરામાં એકવાર એમના આગમનથી હરખાઈને હરિભક્તોએ ખાસ દૂધપાક પૂરીની **રસોઈ** આપી. આની જાણ થતાં સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી અને હરિભક્તોના આગ્રહથી બચવા પોતે વહેલા ઉઠીને બાજુના કલાલી ગામે જતા રહ્યા હતા. બોટાદના નગરશેઠ ભગા દોશીએ સ્વામીના પતરમાં આગ્રહ કરાવીને સંતો પાસે બિરંજ પીરસાવ્યો ત્યારે આ ધર્મસંકટમાંથી બચવા સ્વામીએ સહુ સાંભળે એમ પોતાના મનને કહેવા માંડ્યું. 'નિષ્કુળાનંદ, તું જમી લે. તારાથી આ મોટા શેઠની મહોબત નહિ મૂકાય.' આમ બે ત્રણવાર બોલ્યા પણ એકેય કોળિયો મોંમાં ન મૂક્યો એટલે સ્વામીજી કોચવાયા જાણી શેઠે વધારે આગ્રહ ન કર્યો ને સ્વામી જારનો રોટલો ને છાશ જમ્યા. આવા તો એ વિતરાગી ને સંયમી સંતપુરુષ હતા. પોતાના વૈરાગ્યને બાધક એવું ગળ્યું, ચીકણું કે સ્વાદિષ્ટ ભોજન કદિ જમતા નહિ, ખાનપાનમાં એમને સદાય **અરૂચિ** રહેતી.

ધોલેરામાં એ વખતે પાણી ખારા તેમજ પ્રદેશ **નીરસ** હોવાથી ત્યાગ વૈરાગ્યે યુક્ત સંતો સિવાય બીજા ભાગ્યે જ જવાનું પસંદ કરતા. શ્રીજીની આજ્ઞાથી આ વિતરાગી સંત સદ્. ભાયાત્માનંદ સ્વામીની સહાયમાં અહીં રહ્યા હતા. સહેજે તપ થાય એવું આ સ્થાન એમના અંગને **અનુકૂળ** થઈ પડયું.

ઈષ્ટદેવ શ્રીહરિ સ્વધામ પધાર્યા એ **વજ્રઘાત** સમા **પ્રસંગ**નું આ સંતવર્યે વ્યથિત અને વિરહપૂર્ણ **અશ્રુભીનું વર્ણન** ભક્તચિંતામણિ ગ્રંથના પ્રકરણોમાં આલેખ્યું છે જે વાંચતા આજેય આપણી આંખોમાં આંસુ ઉભરાઈ આવે છે. ઈષ્ટદેવના અંતર્ધ્યાન પછી આ સંતવર્યે વિરહમાં અંતિમ આયુષ્ય ધોલેરામાં વિતાવ્યું. કાળે કરીને સત્સંગમાં કેવું **પરિવર્તન** આવશે એના ઓળા આ ત્રિકાળદર્શી સંતવર્યને જણાઈ ગયા હતા. એથી એમણે સાવધાનીથી ટકોર કરવાના હેતુથી **'શ્રીજી પધાર્યા સ્વધામમાં મેલી પોતાના મળેલ'**. આ કીર્તનમાં સત્સંગનું ભાવિ ભાખી પોતાના અંતરની અકળામણ ઠાલવી છે. આજે સહુ કોઈને એની **પ્રતીતિ** થઈ ચૂકી છે.

પોતાની ઉતરાવસ્થા સત્સંગ સાહિત્ય સેવામાં વિતાવી આ સંતવર્ય સંપ્રદાયની પુષ્ટિ માટે દેહપર્યંત **વિવિધ ગ્રંથો** અને **કીર્તનો**ની **રચના** કરતા જ રહ્યા. ભક્તિનિધિ એ એમનો છેલ્લો ગ્રંથ અને **'કહે નિષ્કુળાનંદ છેલ્લી છંદ રે વીર વિચારે'** એ એમનું વૈરાગ્યપૂર્ણ છેલ્લુ પદ. શ્રીજીના દેહોત્સર્ગ પછી ૧૮મે વર્ષે સં. ૧૯૦૪ (સને ૧૮૪૮)માં ધોલેરામાં ભૌતિક દેહનો ત્યાગ કરી સત્સંગના એક **અડીખમ સ્તંભ** સમા આ અક્ષરમુક્તે વિદાય લીધી, ત્યારે સમગ્ર સત્સંગમાં સન્નાટો છવાઈ ગયો હતો.

આ નિષ્કામ કર્મયોગી સંતવર્યે આ ભૂમિ ૮૨ વર્ષ સત્સંગ સેવામાં વિતાવ્યાં. શરીરે ગૌર વર્ણા ને કાયાએ કૃશ હોવા છતાં તેઓશ્રી તેજસ્વી, ઓજસ્વી ને સૌમ્યમૂર્તિ સંત હતા. તેમના જીવનની પ્રત્યેક ઝલકમાં ત્યાગ-વૈરાગ્યની **આભાપ્રભા** સદાય જોવા મળતી.

આ લોકમાં **મહાપુરુષોનું આગમન** શા માટે હોય છે, અને મહાપુરુષો કેવી કળા વાપરી મુમુક્ષુને વિષયાસક્તિમાંથી મુક્ત કરી ભગવાનમાં જોડી દે છે; તે બાબત સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી રચિત કૃતિમાંથી આપણને **સ્પષ્ટ** દેખાઈ આવે છે.

આ સૃષ્ટિમાં સામાન્ય મનુષ્ય, મહાપુરુષો અને પરમાત્માનું **અવતરણ** થતું જ રહે છે. ભગવાન શ્રીહરિ વડતાલના ૧૯મા વચનામૃતમાં બતાવે છે કે, ''જીવાત્માને જ્યારે જ્યારે મનુષ્યદેહની પ્રાપ્તિ થાય ત્યારે આ પૃથ્વી ઉપર જરૂરને જરૂર ભગવાનના અવતારો કે ભગવાનના સાચા સાધુ વિચરણ કરતા જ હોય પણ જીવાત્માને તેની **ઓળખાણ** થાવી જોઈએ; તો એ જીવાત્મા ભગવાનનો **ભક્ત** થાય ને **મુક્ત** બની શકે છે.''

સામાન્ય **જીવાત્મા** કર્મને આધીન બનીને આ લોકમાં આવે છે અને નિજી સ્વાર્થ માટે જીવનને વ્યતીત કરી કર્મને આધીન બનીને આ લોકમાંથી વિદાય લે છે; જ્યારે **મહાપુરુષો** ભગવાનની આજ્ઞાથી આ પૃથ્વી ઉપર આવે છે, અને **પરમેશ્વર** પોતે સ્વતંત્ર થકા જ આ પૃથ્વી ઉપર પધારે છે અને તેમની **પ્રત્યેક ક્રિયા** (લીલા) અનંત આત્માના **શ્રેયને માટે** હોય છે અને પોતાનું કાર્ય પૂર્ણ થતાં સ્વતંત્ર થકા જ આ લોકમાંથી વિદાય લે છે. તેમની પ્રત્યેક ક્રિયા, પ્રત્યેક કાર્ય અને પ્રત્યેક ક્ષણ અનંત આત્માના શ્રેયને માટેજ **વ્યતીત** થતી હોય છે.

સદ્ગુરુવર્ય શ્રી નિષ્કુળાનંદ સ્વામીની **પ્રત્યેક કૃતિ;** પછી તે સારસિદ્ધિ હોય, પુરુષોત્તમ પ્રકાશ હોય, ચોસઠપદી હોય વગેરે વગેરેમાં મુમુક્ષુ આત્મા ઉપર વહેતી **કરુણાની વર્ષા** સિવાય બીજું કાંઈ જ નથી. (અર્થાત્ કરુણા જ વરસે છે.) જે તે પ્રકારે કરી મુમુક્ષુ જીવાત્મા વિષયમાંથી પાછો વળી ભગવાન શ્રીહરિના સ્વરૂપમાં પોતાનું ચિત્ત જોડી શકે, અને માયિક દુઃખમાંથી મુક્ત થઈ પરમાત્મા-ભગવાન શ્રીહરિના સર્વોપરી સુખના રસમાં ડૂબી મહા અલૌકિક આનંદની **અનુભૂતિ** કરી શકે તેજ હેતુ સ્વામીની કાવ્યાદિક-કૃતિમાં જણાય છે.

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી જેવા મહાન વિભૂતિ સંત માટે કાંઈ પણ લખતાં પહેલાં જરૂર આપણને મનમાં સંકોચ થાય કે, 'રખેને આ વિરલ સંતને માટે કંઈ અજુગતુ કે ઓછું અદકું તો નહિ લખી જવાયને !!!' એવી તેમની **મહાનતા** છે, અને તેવી જ તેમની અલૌકિક **કૃતિ** પણ છે. વધારે નહિ પરંતુ એટલું તો હું જરૂર કહીશ કે **'જેને જન્મ મરણનો ખરેખર થાક લાગ્યો હોય અને હવે પરમ વિરામની આશા હોય તેમણે** સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીની કૃતિમાં મનને જોડી, પરમાત્માને પામી પરમશાંતિની અનુભૂતિ કરી જન્મ મરણના થાક થકી **વિરામ** પામી જવું જોઈએ.'

ખરેખર સ્વામીની કૃતિએ **અજોડ કાર્ય** કર્યું છે. મોક્ષના પથે હિંમત હારેલાને હિંમત આપી છે, વિષયાનુરાગીને ભગવાન શ્રીહરિ-અનુરાગી બનાવ્યા છે; મોક્ષના પથે ભૂલા પડેલાને સાચો **રાહ** બતાવ્યો છે, સકામને નિષ્કામ બનાવ્યા છે અને માટે જ સ્વામીની કૃતિ વિદ્વાનને માટે જેટલી મોક્ષમાર્ગે **સહાયક** છે તેટલી જ અભણ અને અજ્ઞાની ગણાતા ગામડાના ભોળા ભક્તો માટે પણ સહાયક છે. સ્વામીએ પીરસેલ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, ઉપાસના અને આજ્ઞા વગેરેની **અજોડ રચના** ભગવાન શ્રી સ્વામિનારાયણની મહાનતાના દર્શન કરાવતા કરાવતા સહેજે જ સ્વામીની **મહાનતા**ના પણ આપણને **દર્શન** કરાવી દે છે.

ભગવાન શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને પોતાના આ લોકમાં અવતરણહેતુના કાર્યની સિધ્ધિ માટે **શુભ આજ્ઞા** આપેલી છે અને સદ્. શ્રી મુક્તાનંદ સ્વામીએ પણ એ આજ્ઞાને **શિરોમાન્ય** રાખીને પોતાના અંતિમ શ્વાસોની ક્ષણ પર્યંત પાલન કરેલી છે. એજ પ્રમાણે સદ્. શ્રી **નિષ્કુળાનંદ સ્વામી** જે આ **'નિષ્કુળાનંદ કાવ્ય'** વગેરે ૨૩ ગ્રંથોના **કર્તા** છે તેમને પણ ભગવાન શ્રીહરિએ પરમહંસની **ભાગવતી દીક્ષા** ધારણ કરાવતી વખતે **ગળથૂથીમાંજ** સંપ્રદાયની પુષ્ટિનો **ઉમદા હેતુ** – ગ્રંથરચના રૂપ **શુભ ઉદ્દેશ** પાયેલો જણાય છે. જેથી પૂ. સ્વામીશ્રીએ ભક્તચિંતામણિ તેમજ પુરૂષોત્તમપ્રકાશ વગેરે ૨૨ ગ્રંથો પૈકી કેટલાક ગ્રંથો શ્રીહરિની પ્રત્યક્ષ સંનિધિમાં તેમજ તેમના અંતર્ધાન બાદ પણ (સંવત્ ૧૮૯૦ થી ૧૯૦૨ સુધી, ૮૦ વર્ષની ઉંમરે પણ ભક્તિનિધિ ગ્રંથ) લખતા જ રહેલા છે.

વિ.સં. ૧૯૩૫ માં આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજની આજ્ઞાથી રાજકોટમાં સ્વદેશબંધવ પ્રેસમાં ઠક્કર દામોદર ગોવરધનદાસે છપાવેલો **હૃદપ્રકાશ** ગ્રંથ તથા અમદાવાદના આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજની આજ્ઞાથી અમદાવાદમાં મનસુખરામ મૂળજી નામના ભક્તે સંવત ૧૯૩૫ માં છપાવેલા **હરિસ્મૃતિ, હરિબળગીતા, સારસિદ્ધિ, ભક્તિનિધિ, કલ્યાણનિર્ણય વગેરે** (આ સંપાદકને વડતાલથી જૂના સંતો પાસેથી મળેલા) ઉપલબ્ધ થાય છે. આ રીતે તે સમયમાં ખાસ ઉપયોગી ગ્રંથો છૂટક છૂટક પાનાત્મક અથવા કોઈ થોડા બાઈન્ડીંગ યુક્ત છપાતા હશે એવું તત્કાલીન પુસ્તકો ઉપરથી જાણવા મળે છે.

ત્યારબાદ સં. ૧૯૫૮ માં આ તમામ વીશેય ગ્રંથોને એક જ પુસ્તકમાં સમાવેશ કરીને સૌપ્રથમ **એકસાથે** અને **સંશોધનપૂર્વક** છપાવવાનું **શ્રેયઃકાર્ય** વડોદરાના શ્રી ઘનશ્યામભાઈ બાપુભાઈ વૈદ્યે કરેલું છે. આ તમામ ગ્રંથોને એ સમયમાં એકત્રિત કરીને એક સાથે **પ્રકાશન** કરવાનું કામ કેટલું કઠિન હશે ? એ બાબત તેમણે લખેલી **ગ્રંથની પ્રસ્તાવના** ઉપરથી તત્કાલીન સાહિત્યના ઈતિહાસ સહિત સ્પષ્ટ જાણી શકાય છે.

(અત્રે પ.ભ. શ્રી વૈદ્ય ઘનશ્યામભાઈએ લખેલી

પ્રસ્તાવના તેમના શબ્દોમાં **અક્ષરશઃ** રજુ કરવામાં આવેલ છે.)

તાજેતરમાં જ સુરત ખાતે ઉજવાયેલ શ્રીહરિકૃષ્ણ મહારાજ સૂત આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ દ્વિશતાબ્દી કૃતાંજલિ મહોત્સવ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ મંદિર સરધાર દ્વારા પ્રકાશિત કરાયેલી આવૃત્તિમાં પ.પૂ. ધર્મકુળ મુગટમણિ ૧૦૮ શ્રી લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજની શુભ પ્રેરણાથી જૂનાગઢ શ્રી સ્વામિનારાયણ મંદિરેથી પ્રાપ્ત થયેલ ૧૪ ગ્રંથોની હસ્તલિખિત પ્રતો જે નંદસંતોના સમકાલીનમાં કે સામીપ્યકાળમાં જ લખાયેલી છે તે ખૂબ જ ઉપયોગી થયેલ છે.

## પ્રસ્તાવના

શ્રીમદ્ સદ્ગુરૂ શ્રીનિષ્કુળાનંદ સ્વામીએ ઉદ્ધવી સંપ્રદાય પુષ્ટિના **ઘણા ગ્રંથો** કર્યા છે. આ ગ્રંથો વડતાલ ગાદીના ધર્મધુરંધર આચાર્ય શ્રીમદ્ વિહારીલાલજી મહારાજને પ્રસિદ્ધ કરવાની **ઘણી ઈચ્છા** હતી. તેઓશ્રીએ એ તમામ ગ્રંથો લખાવી પોતાના **પુસ્તક સંગ્રહ**માં રાખ્યા હતા. આ સંબંધમાં મારે તથા શ્રીમદ્ વિહારીલાલજી મહારાજને **રૂબરૂ વાતચીત** થઈ હતી કે, **''આ તમામ ગ્રંથો સ્વામીએ ઘણા પ્રયાસથી જીવોના મોક્ષને સારુ કરેલા છે. એ ગ્રંથોમાંથી કેટલોક ભાગ છપાયેલો છે જેને હરિજનો હોંસથી વાંચે છે. લોકોમાં પણ તે ઘણા પ્રિય થઈ પડ્યા છે.** એમ છતાં તેમાં જોઈએ તેવી શુદ્ધતા નથી; તેથી એ **તમામ ગ્રંથો** કોઈને હાથે શુદ્ધ છપાય તો ઘણું સારું. **આ સંગ્રહ મેં જે વાસ્તે કર્યો છે તે ભગવાનની મરજી હશે તો પાર પડશે, ઈત્યાદિ.''** ભગવાનની અગાધ લીલા કળી શકાતી નથી અને મને લખવાને ઘણીજ **દિલગીરી** થાય છે કે, પોતે મહારાજશ્રી ત્યાર પછી થોડાજ માસમાં **અક્ષરવાસી** થયા, અને આખા ગૂજરાતમાં હાહાકાર વર્તાયો. શ્રીજી મહારાજની મરજીને આધીન આખા જગતને થવું પડે છે તેમ આ પ્રેમમૂર્તિ, ધર્મમૂર્તિ, દયાળુમૂર્તિ એવા મહારાજના વિયોગની દિલગીરીમાં કેટલોક કાળ ગત થયા પછી મારા મનને એમ લાગ્યું કે તે **મહારાજશ્રીની ઈચ્છા** પૂર્ણ કરવી. કોઠારી શ્રી ગોવર્દ્ધનભાઈને આ સંબંધે વિનવતાં તેમણે પણ પૂર્ણ ઉત્સાહથી આ કામમાં મદદ આપી જેથી યથામતિ આ **વીશ ગ્રંથોનો ચોપડો** મારા પરમ પૂજ્ય સંતો તથા હરિભક્તોની સેવામાં રજુ કરી શક્યો છું.

આ વીશ ગ્રંથો **લેખી તથા છાપેલી પ્રતો ઉપરથી** શુદ્ધ કરી છપાવવામાં જે **શ્રમ** પડ્યો છે તે લખ્યે સમજાય તેમ નથી. વળી મારા વૈદ્યના ધંધા આગળ મને **અવકાશ** થોડો હોવાથી અને છાપેલા ગ્રંથો ઘણા અશુદ્ધ હોવાથી હજી પણ કોઈ કોઈ ઠેકાણે કંઈ **ન્યૂનતા** હોય તો સુજ્ઞ પુરુષો તેની **ક્ષમા** કરશે એવી ઉમેદ છે.

આ ચોપડો સર્વને વધારે અનુકૂળ થાય એ સારુ ચિન્હચિંતામણિ આગળ ચિન્હનું ચક્ર, શોડષ ચિન્હે યુક્ત શ્રીજીમહારાજનાં ચરણારવિંદ, અવતારચિંતામણિ આગળ અવતારનાં ચક્રો, પુષ્પચિંતામણિ આગળ પુષ્પનાં ચક્રો તથા આ ગ્રંથો શ્રીમદ્ સદ્ગુરુ શ્રીનિષ્કુળાનંદસ્વામીએ કરેલા હોવાથી તેમની મૂર્તિ વગેરે **ચિત્રો** મૂક્યાં છે.

આ ગ્રંથો શુદ્ધ કરવામાં તથા પડતી શંકાઓ દૂર કરવામાં તથા ગ્રંથોનો ફેલાવો કરવા વગેરેના કામમાં સદ્ગુરૂ બ્રહ્મચારી મહારાજ શ્રી હરિપ્રસાદાનંદજીના શિષ્ય વડોદરાના મહાનતસંત **બ્રહ્મચારી શ્રી શાંતાનંદજી** તથા સદ્ગુરૂ સ્વામી શ્રીહરગોવિંદદાસજી તથા વડતાલના પુરાણી શ્રીપતિતપાવનદાસજીએ ખરા અંતઃકરણથી વારંવાર **મદદ** કરી છે તેથી આ ઠેકાણે તેમનો ઘણો **ઉપકાર** માનું છું.

વૈદ્ય ઘનશ્યામ બાપુભાઈ વડોદરાવાળા.

* * * * *

આ ઉપરોક્ત સંવત ૧૯૫૮ માં મોટી સાઈઝમાં મોટા ટાઈપથી પ્રસિધ્ધ થયેલ વડોદરાની પ્રત મુજબ જ છતાં થોડી નાની ગુટકા સાઈઝમાં, ધ.ધુ. આચાર્યશ્રી શ્રીપતિમહારાજની આજ્ઞાથી સુરતના **'દેશીમિત્ર'** પ્રેસમાં મગનલાલ કીકાભાઈએ એક પ્રત પ્રકાશન કરી (પ્રસ્તુત આવૃત્તિનું આ પુસ્તક તૈયાર કરવામાં સૌપ્રથમ તેને જ સૌથી **જૂનું પુસ્તક** જાણીને પાઠાંતર દોષ પરિહારમાં ઉપયોગ કરેલ છે) આ પુસ્તકમાં પ્રકાશન સંવત્ લખેલી નથી.

ત્યારબાદ સંવત્ ૧૯૮૪માં સંપ્રદાયમાં જેમની નામના બંને દેશમાં પ્રસિધ્ધ થયેલી હતી એવા એક વડતાલના વિદ્વાન સંત-શાસ્ત્રી હરિજીવનદાસજી દ્વારા આ પુસ્તકનું (વૃત્તિવિવાહ તથા શિક્ષાપત્રીભાષા આ બે ગ્રંથોના ઉમેરા સહિત) વિશેષ સંશોધનપૂર્વક પ્રકાશન કરવામાં આવ્યું. ત્યારબાદ અક્ષરશઃ એજ આવૃત્તિનું સં.૨૦૧૦ માં ભુજ મંદિર તરફથી આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞાથી પ્રકાશન કરવામાં આવેલ છે. તેમજ તેની કેટલીક આવૃત્તિઓ પણ અમદાવાદ અને વડતાલદેશમાં પણ યથાસમય પ્રસિધ્ધ થયેલી જણાય છે.

શ્રીહરિની સોહામણી સંતમાળામાં શુક્તારાની જેમ ઝળહળતા આ તેજસ્વી સિતારા સંતના વિરલ અને ભાતીગળ સંતજીવનમાં કલ્યાણકારી અનેક શુભગુણોનો સમન્વય જોવા મળતો હતો.

લોકમાતા ગંગાના પુનિત પાવનકારી વારિપ્રવાહ સમા આ સંત વિભૂતિના પાવનકારી પ્રેરક જીવન અને કવને અનેકને પ્રભુપ્રેમના પિયૂષ પાયાં છે અને વિશેષ પ્રેરણા પાથેય પૂરું પાડ્યા કરશે.

આ છેલ્લી આવૃત્તિ (સં. ૧૯૮૪ થી સંશોધિત) ભુજના સદ્. શાસ્ત્રી ધર્મજીવનદાસજી તેમના નિવેદનમાં લખે છે તેમ એકંદરે કેટલીક પ્રત્યક્ષ જણાતી અશુધ્ધિનો પરિહાર તથા વાચકોની સગવડ માટે પદચ્છેદ, પેરેગ્રાફ તેમજ અપરિચિત શબ્દો ઉપર ટીપ્પણી અર્થાત્ કઠિન શબ્દોના અર્થ આપીને સારૂં એવું **નૂતન સંસ્કરણ** તૈયાર કરેલ છે.''

પરંતુ આ નૂતન તૈયાર કરેલ **બાવીશ ગ્રંથો**ના **સંસ્કરણ**માં પણ કેટલીક તદ્દન નવી જ જણાતી **સુધારા-વધારાની ભૂલોએ** પ્રવેશ કરવાનો કેડો મૂકેલો જણાતો નથી. પુરાણગ્રંથોમાં જેમ લાંબોકાળ અને સંપ્રદાયવાદથી ક્ષેપક શ્લોકોનો વધારો થાય છે અને પાઠાંતરો બદલાઈ જાય છે. તેમજ એક જ સંપ્રદાયમાં પણ લેખકદોષથી અથવા કોઈ ઠેકાણે વ્યક્તિપ્રાધાન્યથી પણ આવો **પાઠાંતરદોષ** ઉત્પન્ન થતો જોવા મળે છે. આવા **દોષપરિહાર** માટે આપણા સંપ્રદાયમાં નંદસંતોએ લખેલું **હસ્તલિખિત સાહિત્ય** સાચવીને જાળવી રાખવું ખૂબ જ **જરૂરી** છે. જેથી મૂળ ગ્રંથોની વાસ્તવિકતા કાયમીક જળવાઈ રહે છે.

તાજેતરમાં જ સુરત ખાતે ઉજવાયેલ 'શ્રીહરિકૃષ્ણ મહારાજ સાૂતા આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ દ્વિશતાબ્દી કૃતાંજલિ મહોત્સવ' પ્રસંગે શ્રી સ્વામિનારાયણ મંદિર સરધાર દ્વારા પ્રકાશિત કરાયેલી આવૃત્તિમાં પ.પૂ. ધર્મકુળ મુગટમણિ ૧૦૮ શ્રી લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજની શુભ પ્રેરણાથી જૂનાગઢ શ્રી સ્વામિનારાયણ મંદિરેથી પ્રાપ્ત થયેલ નીચે મુજબની ૧૪ ગ્રંથોની **હસ્તલિખિત પ્રતો** જે નંદસંતોના સમકાલીનમાં કે **સામીપ્યકાળમાં** જ લખાયેલી છે તે ખૂબ જ ઉપયોગી થયેલ છે.

(૧) પુરૂષોત્તમપ્રકાશ (વિવિધ કુલ સાત પ્રતો) (૨) સ્નેહગીતા (કુલ બે પ્રત) (૩) વચનવિધિ (કુલ ચાર પ્રત) (૪) સારસિધ્ધિ (બે પ્રત) (૫) ભક્તિનિધિ (કુલ બે પ્રત) (૬) હરિબળગીતા (૭) હૃદયપ્રકાશ (બે પ્રત) (૮) ધીરજાખ્યાન (બે પ્રત) (૯) હરિસ્મૃતિ (ત્રણ પ્રત) (૧૦) મનગંજન (કુલ પાંચ) (૧૧) વૃત્તિવિવાહ (૧૨) યમદંડ (કુલ-૪) (૧૩) અરજી વિનય (૧૪) ગુણગ્રાહક.

આ સિવાય બીજી પણ કેટલીક કલ્યાણનિર્ણય, ચોસઠપદી વગેરે ગ્રંથોની **હસ્તલિખિત** પ્રતો તેમજ સંવત્ ૧૯૩૫માં તત્કાલીન આચાર્યશ્રીની આજ્ઞાથી પ્રકાશન થયેલા **છૂટક પુસ્તકો** અને સં.૧૯૫૮ થી આરંભીને પ્રકાશન થયેલા ૨૦ ગ્રંથીના બે આવૃત્તિના **પૂર્વોક્ત પુસ્તકો** પણ આ નૂતન આવૃત્તિના સંશોધનમાં કંઈક થોડે ઘણે અંશે પણ (ખૂબજ મહત્ત્વની કડી રૂપે) ઉપયોગી થયા છે.

જ્યારે કોઈ પણ ઠેકાણે પુસ્તક કે કડીમાં કાંઈ **પાઠાંતર** જેવું જણાયેલ છે ત્યારે તે તે પુસ્તકની પ્રસિધ્ધ થયેલી (પ્રમાણિત) અથવા હસ્તલિખિત ઉપરોક્ત તમામ આવૃત્તિઓમાં જે સૌથી **વિશેષ સારૂં** અને **યોગ્ય** જણાયું છે. તેનો જ પાઠ આ નૂતન આવૃત્તિમાં **સ્વીકૃત**

કરવામાં આવેલ છે.

આગલી આવૃત્તિઓમાં ક્યાં ક્યાં ? કોણે ? અને કેટલી અશુધ્ધિ કરેલી છે કે અશુધ્ધિ રહી ગઈ છે. તે અત્રે વર્ણન કરવાનો વિષય નથી પરંતુ ભવિષ્યમાં તેવી **અશુધ્ધિની ભૂલના ભોગી** આપણે ન બનીએ તે માટે માત્ર સમજી રાખવાનો જ વિષય છે. તે માટે અત્રે તેના **એક બે દૃષ્ટાંતો** જ અત્રે રજૂ કરીએ છીએ વિશેષ તો **ઉપરોક્ત ગ્રંથો** સાથે સરખાવવાથી આપમેળે જ **હકીકત વસ્તુને** જાણી શકાય છે. જેમ કે પુરૂષોત્તમપ્રકાશ પ્રકાર ૧૫ કડી નં.૧૮ માં. **'મંદિર મંડપ દલિચા ચાદરે રે, તંબુ રાવટીયે બહુ વેરે રે.'**

અહીં (સંવત્ ૧૯૫૮ થી આરંભીને સં.૨૦૧૦ પર્યંતની તમામ પ્રતોમાં આ પ્રમાણે પાઠ હતો પરંતુ આ કડીમાં મંદિર, મંડપ, દલિચા (ઓટો કે ચોતરો) એ શબ્દોની સાથે **'ચાદરે'** શબ્દનો અર્થ બંધબેસતો આવતો ન હોવાથી અત્રે **લેખનદોષાદિની સંભાવના** હતી, તેમજ **હરિસ્મૃતિ** ગ્રંથમાં દ્વિતીય ચિંતામણિમાં આ જ હકીકત **'મંદિર મંડપ દલિચા દેરે, ભૂધર ભાળ્યા છે.'** આ પ્રકારે વર્ણવેલી હતી પરંતુ કોઈ બીજા (હસ્તલિખિત આદિક) આધાર વિના અહીં સુધારો કેમ કરવો ? એ **પ્રશ્ન** હતો ત્યારબાદ જૂનાગઢની હસ્તલિખિત પ્રતોમાંથી સંશોધન કરવાથી ત્યાંની પુરૂષોત્તમપ્રકાશ ગ્રંથની સાતેય વિવિધ હસ્તલિખિત પ્રતોમાં 'દલિચા ચાદરે' ને સ્થાને **'દલિચા દેરે'** એવો જ પાઠ હતો. તે જોઈને ખૂબ જ આનંદ થયો અને ઉપરોક્ત પાઠને સુધારી લીધો. આ જ રીતે (પુ.પ્ર. ૨૭/૫), (પુ.પ્ર. ૩૭/૪) વગેરેમાં તથા (સ્નેહગીતા : ૧/૧૦), (વચનવિધિ ક.૪૯/૫દ:૧૨/૪), (સારસિધ્ધિ, કડવા નં.૧૨, ૧૬, ૨૪, ૨૭, ૨૮, ૪૪ આ તમામ કડવાઓમાં જે જે કડીઓમાં **પાઠભેદ** હતો તે સં. ૧૯૩૫માં અમદાવાદ અને વડતાલથી પ્રસિધ્ધ પુસ્તક અનુસાર **પરિહાર** કરેલ છે. તેમજ જૂનાગઢથી પ્રાપ્ત હસ્તલિખિત સાથે પણ તપાસી લીધેલ છે.), વિશેષમાં (હરિબળગીતા ગ્રંથમાં ક.૬/૪ માં સં. ૧૯૩૫ની અમદાવાદની પ્રત તેમજ સં. ૧૯૫૮માં સંશોધનપૂર્વક વડોદરા-સુરત આદિક સ્થાનેથી પ્રસિધ્ધ થયેલ (શા. હરિજીવનસ્વામી સંશોધિત સં.૧૯૮૪ની પ્રત પહેલાની) **મુદ્રિત** પ્રતો મુજબ યોગ્ય સુધારણા કરેલ છે. (હરિબળગીતા કડવું ૧૯/૮ માં અત્રે જૂનાગઢથી પ્રાપ્ત હરિબળગીતાની હસ્તલિખિત પ્રત શાસ્ત્રી હરિજીવનદાસજીના સંશોધિત ગ્રંથને બહુધા મળતી આવતી હોવા છતાં અહીં તે હસ્તલિખિત પ્રતના પાઠથી પણ જુદો જ **પાઠાંતર ભેદ** છે. **'નિષ્કુળાનંદ કે' કર્ણ દાની, જરાસંઘ બ્રહ્મણ્ય જગમાંય'** (હરિબળગીતા - હરિજીવનદાસજી સંશોધિત) અહીં અન્ય તમામ મુદ્રિતોમાં તથા જૂનાગઢની હસ્તલિખિત પ્રતમાં પણ **'નિષ્કુળાનંદ કે' ન માનવું, એનું માહાત્મ્ય તે મનમાંય'** આવો જ પાઠ છે. આ રીતે અહીં થોડો વધારે પડતો સુધારો પણ થઈ ગયેલો જણાય છે. તેમજ આગળ જતા 'અરજીવિનય' ગ્રંથમાં કડીઓ અને અષ્ટકોનો પણ અનુક્રમભેદ; તથા 'વૃત્તિવિવાહ' ગ્રંથમાં તો જેનું વર્ણન પણ ન થઈ શકે તેવો **પાઠભેદ** થવાથી **અર્થાંતરભેદ** પણ વિદ્વાનોને હાસ્યાસ્પદ થાય તેવો થઈ જ ગયેલો છે. (જે આ પુસ્તકમાં હાલ હ.લિ. પ્રતને આધારે યથાશક્ય સુધારી લીધેલ છે.) સદ્. શ્રી નિષ્કુળાનંદ સ્વામીની ગ્રંથોની હસ્તલિખિત પ્રતોમાં પણ આ રીતે આપમેળે પાઠાંતર બદલવાનું કોને સૂઝતું હશે એ તો ભગવાન શ્રીહરિ પોતે જ જાણી શકે. પરંતુ આટલા વિસ્તૃત વર્ણનથી કહેવાનો **અભિપ્રાય** એટલો જ છે કે એ આપણે માનવમાત્રને સૌના હિત માટે સારૂં ન ગણી શકાય ! એટલો જ **સાર** છે.

શ્રીહરિની સોહામણી સંતમાળામાં શુક્રતારાની જેમ ઝળહળતા આ તેજસ્વી સિતારા સંતના વિરલ અને ભાતીગળ સંતજીવનમાં **કલ્યાણકારી** અનેક **શુભગુણો**નો સમન્વય જોવા મળતો હતો.

લોકમાતા ગંગાના પુનિત પાવનકારી વારિપ્રવાહ સમા આ સંત વિભૂતિના પાવનકારી પ્રેરક જીવન અને કવને અનેકને પ્રભુપ્રેમના પિયૂષ પાયાં છે અને વિશેષ **પ્રેરણા પાથેય** પૂરું પાડ્યા કરશે.

ધર્મ, જ્ઞાન, ત્યાગ, વૈરાગ્ય ને પ્રેમલક્ષણા ભક્તિથી મઘમઘતું આ સંતવર્યનું - જેનો પાર ન પામી શકાય તેવું દિવ્યજીવન આપણા જીવનપથને સદાય અજવાળતું રહે એવી અપેક્ષા સહ પૂજ્ય સ્વામીશ્રીના નિર્મળ અને વિશુધ્ધ ચારિત્ર્યશીલ, આજ્ઞાંકિત જીવન ચરિત્રને સંભારતા રહીએ એમાં જ આપણા જીવનનું **સાર્થકપણું** સમાયેલું છે.

અંતમાં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના શ્રીચરણોમાં સદ્. શ્રી નિષ્કુળાનંદ સ્વામીના જેવા સદ્‌ગુણોની કંઈક અંશે આપણામાં પણ પ્રાપ્તિ માટે **કોટિ કોટિ સાષ્ટાંગ વંદન સહ** પ્રાર્થનાપૂર્વક અક્ષરધામના આ મહામુક્તના ચરણોમાં **હજારોહજાર** વંદનપૂર્વક...

આ 'ચિંતન' અંકના માધ્યમથી સદ્. શ્રી નિષ્કુળાનંદ સ્વામી રચિત ૨૨ ગ્રંથોના મહિમાસભર પરિચય **ગ્રંથસાર**નો આસ્વાદ માણીશું.

**કોટિ જીવાત્માઓનું ટૂંક સમયમાં જ જે રીતે ખૂબ સહેલાઈથી પણ આત્યંતિક કલ્યાણ થાય તેવા અનેક ઉપાયો કર્યા છે.**

શિક્ષાપત્રી, વચનામૃત આદિ તમામ સત્શાસ્ત્રોમાં ભગવાનની **માહાત્મ્ય સહિત ભક્તિથી** જ જીવાત્માનું આત્યંતિક કલ્યાણ થાય છે એવું ભગવાન શ્રીહરિએ અનેક ઠેકાણે શ્રીમુખે જ **નિરૂપણ** કરેલું છે.

તે માહાત્મ્યજ્ઞાનની પુષ્ટિ માટે સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ, સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે પૂર્વ દિશામાં **સૂર્યની માફક** આ ધરતીમાં પ્રગટ થઈને પૃથ્વીમાં સનાતન ધર્મમાં પેસી ગયેલ અધર્મરૂપી અંધારાને ટાળી આત્યંતિક કલ્યાણના સન્માર્ગે જે **દિવ્ય પ્રકાશ** પાથર્યો તેનું ખૂબજ સુંદર રીતે વર્ણન કરેલું છે.

આ ગ્રંથમાં પદે-પદે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન **શ્રીહરિનો મહિમા** જ પ્રકાશિત કરાયેલો છે. તે પ્રારંભથી જ સ્વામી પોતે જણાવે છે કે :-

**'આ ગ્રંથ પ્રગટ પર જાણી રે,**
**લેજો પ્રગટ-મહિમા ઉર આણી રે;**
**નામ પુરુષોત્તમ પ્રકાશ રે,**
**પુરુષોત્તમ મહિમા નિવાસ રે.'**

(પુરુષોત્તમ પ્રકાશ : ૧)

ગ્રંથના પ્રારંભમાં દિવ્ય અને અલૌકિક અક્ષરધામમાં સદા દિવ્યસાકાર સ્વરૂપે બિરાજમાન ભગવાન શ્રીહરિની મૂર્તિનું વર્ણન કરીને તે મહાપ્રભુએ **અનંત આત્માઓના ઉદ્ધારાર્થે,** તેમને પોતાની અલૌકિક મૂર્તિનું આત્યંતિક સુખ આપવા માટે આ લોકમાં પ્રગટ થઈને જે અમોઘ-અપરિમિત ઐશ્વર્ય વાપર્યું તેનું સહર્ષ સુંદર રીતે નિરૂપણ કરેલું છે.

અનંત જીવોના કલ્યાણ માટે ભગવાન શ્રીહરિએ કરેલા **ઉપાયો** જેવા કે - (૧) પ્રથમ પોતે ધર્મભકિત થકી પ્રાગટ્ય પામ્યા. (બાળલીલાથી કલ્યાણ) (૨) ગૃહત્યાગ કરી વનવિચરણ દરમ્યાન અનેક તીર્થોમાં ફરી નવલાખ યોગી વગેરે અનેકને પોતાના સ્વરૂપના દર્શન-નિશ્ચયાદિ સંબંધથી કલ્યાણ કર્યું. ત્યારબાદ (૩) લોજમાં પધારી મનુષ્યલીલાથી સદ્‌ગુરુ સેવન અને તે દરમ્યાન અનેકને પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવ્યો તેમજ ગુરુ થકી **ધર્મધુરા** સ્વીકાર્યા બાદ દેશાંતરમાં જન્મ ધારણ કરેલા મુનિઓને પોતાની પાસે આકર્ષણ કરી તેમને પોતાના પુરુષોત્તમ સ્વરૂપનો નિશ્ચય કરાવ્યો અને પોતાના સર્વોપરિ **શ્રી સ્વામિનારાયણ-**સહજાનંદાદિ નામનો મહિમા અને ભજન પ્રવર્તાવ્યું. (૪) સંતોને પોતાના ત્યાગમાર્ગની અલૌકિક રીત-ભાત સમજાવીને દેશાંતરમાં વિચરણ કરી અજ્ઞાની જીવોને સદ્‌ઉપદેશનો બોધ કરવા મોકલ્યા. (૫-૬) પોતાના દર્શન-સ્પર્શાદિથી કલ્યાણ. (૭) પોતાનું વિચરણ. (૮) સદાવ્રતો બંધાવ્યા. (૯) યજ્ઞો કર્યા. (૧૦) ઉત્સવો અને સમૈયા કર્યા. (૧૧) મંદિરો કરાવી તેમાં મૂર્તિઓ સ્થાપન કરી. (૧૨) અનેક સંતો બનાવ્યા અને તેમના દર્શનાદિ-મહિમાથી કલ્યાણ. (૧૩) આચાર્યો સ્થાપન કર્યા અને તેમના દર્શન-આશ્રયાદિ સંબંધથી કલ્યાણ. (૧૪) શિક્ષાપત્રી, સત્સંગિજીવન, વચનામૃતાદિ ગ્રંથો રચાવ્યા. (૧૫) ચરણારવિંદ વગેરે પ્રસાદિની અનેક વસ્તુઓ આપી. (૧૬) ચિત્ર-પ્રતિમા આદિ મૂર્તિપૂજા પ્રવર્તાવી. ઈત્યાદિ અનેકવિધ પ્રવૃત્તિઓમાં જણાઈ આવતો ભગવાન શ્રીહરિનો **અપાર મહિમા** નિષ્કુળાનંદ સ્વામીએ જેવો જોયો, જાણ્યો તેમજ હૃદયમાં અનુભવ્યો તે બધાનું વિના સંકોચે ખુલ્લા મનથી તેઓશ્રીએ આ ગ્રંથમાં સહર્ષ યથાર્થ **નિરૂપણ** કરેલું છે.

સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ ભગવાનનો મહિમા સમજવા માટે આ ગ્રંથ ફરી ફરીને વાગોળવા જેવો છે. પ્રાકૃત કે સંસ્કૃત ભાષામાં **મહિમાથી પરિપૂર્ણ** આવો બીજો કોઈ **ગ્રંથ** નથી. આ ગ્રંથમાં શ્રીજીમહારાજના ચરિત્રો અને પ્રવૃત્તિઓનું તેમના માહાત્મ્ય જ્ઞાન માટે અન્વેક્ષણ કરાયેલું છે. આ ગ્રંથનું **'પુરુષોત્તમ પ્રકાશ'** નામ પણ સાર્થક છે. અંતમાં ગ્રંથના સારરૂપ લખાયેલ ધોળનું પદ **'આનંદ આપ્યો અતિ ઘણો રે, આ સમામાં અલબેલ; પુરુષોત્તમ પ્રગટી રે...'** આ પદ પણ ખૂબજ આનંદ આપી જાય છે.

આ ગ્રંથમાં કુલ ૫૫ પ્રકાર (અધ્યાય) છે. દરેકમાં ૪ દોહા અને ૨૦ કડીઓ છે. છેલ્લા પ્રકારમાં ૧ કડી વધારે છે. કુલ મળી ૨૨૦ દોહા તથા ૧૧૦૧ કડીઓ છે. ગ્રંથ રચનાનો સમય તથા સ્થાન **નિશ્ચિત** નથી. છતાં ગ્રંથના વર્ણન ઉપરથી આ ગ્રંથ ભગવાન શ્રીહરિના અંતર્ધાન બાદ લખાયેલ હશે એવું **અનુમાન** કરવામાં આવે છે.

**આગળના ગ્રંથોના પરિચય માટે વધુ આવતા અંકે આપણે માણીશું.**






મકરપુરા (વડોદરા)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ શ્રી રામજી મંદિરનો વાર્ષિક પોટાત્સવ તથા કથાપારાયણ (તા.૨૨-૨-૧૨)






વડતાલ પ્રદેશના બરકાલ (જી. વડોદરા)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ મંદિરનો વાર્ષિક પોટાત્સવ (તા.૨૩-૨-૧૨)









ગઢપુર પ્રદેશના કરમદીયા (તા. મહુવા) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનો 'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' (તા. ૨૫ થી ૨૯-૨-૨૦૧૨)

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી **વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા પ.પૂ. ૧૦૮ **શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશમાં સુપ્રસિદ્ધ વક્તા **પૂ. સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ

## નૂતન મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવો તથા કથાપારાયણોની તિથિ તવારીખ

| તારીખ | તિથિ | વિગત/પ્રતિષ્ઠા | મહોત્સવ કથા સ્થળ |
|---|---|---|---|
| ૨૩-૪-૨૦૧૨ થી ૨૯-૪-૨૦૧૨ | વૈશાખ સુદ - ૨ થી વૈશાખ સુદ - ૮ | શ્રી સ્વામિનારાયણ મહોત્સવ | મુ. **પીપળવા** તા. લાઠી, જી. અમરેલી<br>સંપર્ક :- મો. ૯૮૭૯૩૭૨૩૪૮ |
| ૨૫-૪-૨૦૧૨ થી ૧-૫-૨૦૧૨ | વૈશાખ સુદ - ૪ થી વૈશાખ સુદ - ૧૦ | શ્રીમદ્ સત્સંગિજીવન કથા | મુ. **કુંભારીયા** તા. રાજુલા, જી. અમરેલી<br>સંપર્ક :- મો. ૯૫૭૪૫૫૭૭૫૭ |
| ૩૦-૪-૨૦૧૨ થી ૬-૫-૨૦૧૨ | વૈશાખ સુદ - ૯ થી વૈશાખ સુદ - ૧૫ | શ્રી સ્વામિનારાયણ મહોત્સવ | શ્રી સ્વામિનારાયણ ધામ, પેવેલીયન મેદાન, **મહુવા**<br>સંપર્ક :- મો. ૮૧૨૮૬૯૧૫૧૫ (પા. ખુશાલ ભગત) |
| ૭-૫-૨૦૧૨ થી ૧૩-૫-૨૦૧૨ | વૈશાખ વદ - ૨ થી વૈશાખ વદ - ૮ | સુવર્ણ જયંતિ મહોત્સવ | મુ. **મોટા ભમોદ્રા** તા. સાવરકુંડલા, જી. અમરેલી<br>સંપર્ક :- મો. ૯૭૧૪૧૦૮૧૯૬ |
| ૧૪-૫-૨૦૧૨ થી ૨૦-૫-૨૦૧૨ | વૈશાખ વદ - ૯ થી વૈશાખ વદ - ૩૦ | દ્વિશતાબ્દી કૃતાંજલિ મહોત્સવ - ૫ | **'શ્રી રઘુવીર ધામ' કાંદિવલી (મુંબઈ)**<br>સંપર્ક :- મો. ૯૨૨૪૧૨૯૦૯૯, ૯૮૨૧૬૪૬૦૭૭ |
| ૨૪-૫-૨૦૧૨ થી ૨૭-૫-૨૦૧૨ | જેઠ સુદ - ૩ થી જેઠ સુદ - ૬ | શ્રી સ્વામિનારાયણ બાળ-યુવા મહોત્સવ | શ્રી સ્વામિનારાયણ મંદિર - **સરધાર**<br>સંપર્ક :- મો. ૭૬૦૦૦૫૮૫૦૩, ૯૮૭૯૭૫૮૫૦૩ |










કારિયાણીને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં પૂ. કો. સ્વામી શ્રી કૃષ્ણપ્રકાશદાસજી (કે.પી. સ્વામી)ના માર્ગદર્શન પ્રમાણે ઉજવાયેલ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી હરિકૃષ્ણ મહારાજ આદિક દેવોનો ૩૩મો વાર્ષિક પાટોત્સવ તથા શ્રી રઘુવીરજી મહારાજ દ્વિશતાબ્દી કૃતાંજલિ મહોત્સવ (તા. ૨૩ થી ૨૯-૨-૧૨)




જૂનાગઢધામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં પૂ. મહંત કે.પી. સ્વામીના માર્ગદર્શન પ્રમાણે તાલાળાના ડૉ. શ્રી હરિભાઈ ટીલવાના યજમાનપદે ઉજવાયેલ સં. ૧૯૧૯માં આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે પધરાવેલા આરાધ્ય ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજનો ૧૫૨મો વાર્ષિક પાટોત્સવ એવં દિવ્ય શાકોત્સવ (તા. ૧૦-૩-૨૦૧૨)



જોલાપુર

ગઢપુર પ્રદેશના જોલાપુર (તા. રાજુલા) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનો 'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' (તા. ૨૯ થી ૧-૩-૨૦૧૨)




પીપરડી

ગઢપુર પ્રદેશના પીપરડી (તા. ગઢડા) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનો 'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' (તા. ૧૦ થી ૧૯-૩-૨૦૧૨)



શંકરપરા બોટાદ

ગઢપુર પ્રદેશના શંકરપરા (બોટાદ) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનો 'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' (તા. ૧૧ થી ૧૭-૩-૨૦૧૨)



ભુપગઢ

ગઢપુર પ્રદેશના ભુપગઢ (જી. રાજકોટ) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ પૂ. કો. શા. સ્વામી શ્રી ઘનશ્યામવલ્લભદાસજી (ગઢડા)ના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ નૂતન શ્રી સ્વામિનારાયણ મહિલા મંદિરનો 'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' (તા. ૯ થી ૧૫-૩-૨૦૧૨)

